Divya Bhaskar (City Bhaskar)

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 01

# વધુ એસએમઇઝ સ્ટોક એક્સચેન્જ લિસ્ટિંગનો હિસ્સો

## આગામી બજેટમાં શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સ નાબૂદ કરાય તો માર્કેટને વેગ મળે

**સિટી રિપોર્ટર** . વડોદરા

સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ (એસએમઇ) પોતાના ધંધાને વેગ આપી શકે તેમજ પ્રોડકશનને વધારવા માટે જરૂરી નાણાંકીય સહાય મેળવી શકે તે માટે મુંબઇ સ્ટોક એક્સચેન્જ દ્વારા એસએમઇ કંપનીઓને સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટીંગ કરવાની તક આપે છે. હાલમાં મુંબઇની બીએસઇ એસએમઇ સ્ટોક એક્સચેન્જમાં 13 કંપનીઓને લિસ્ટીંગની મંજૂરી આપી છે. આવનાર દિવસોમાં વધુ 10 એસએમઇ કંપનીઓ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થશે એમ બીએસઇ એસએમઇ સેગમેન્ટના હેડ અજય ઠાકુરે અત્રે જણાવ્યું હતું.

એકઝિબીશનમાં એસએમઇ સ્ટોક એક્સચેન્જ લિસ્ટીંગ વિષયના સેમીનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા બીએસઇ એસએમઇ સેગમેન્ટના હેડ અજય ઠાકુરે જણાવ્યું કે, વડોદરા સહિતની મધ્ય ગુજરાતની નાની-મોટી 500થી વધુ સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝની કંપનીઓ છે. જેમાં સર્વિસ સેકટર, એન્જિનીયરીંગ અને મેન્યુફેક્ચરીંગ સહિતની કંપનીઓ કે જેઓ છેલ્લા ત્રણ વર્ષથી સતત નફો કરતી હોય એટલેકે બે વર્ષનો કંપનીનો કુલ નફો 1 કરોડથી વધુ હોય તથા કંપનીની એસ્ટેટ વેલ્યુ પણ એક કરોડથી વધુ હોય તો તેવી કંપનીઓ મુંબઇ સ્ટોક એક્સચેન્જમાં એસએમઇ સ્ટોકમાં લીસ્ટીંગ કરાવીને પોતાના ધંધાને વધુ વેગ આપી શકે છે. મુંબઇ સ્ટોક એક્સચેન્જ સાથે જોડાવવાને કારણે કંપનીને માત્ર દેશ જ નહીં દેશની બહારની કંપનીઓ તરફથી પણ એક્સપોઝર મેળવી શકે છે અને ધંધાને આગળ વધારવા ફંડ પણ ઉઘરાવી શકે છે.

દેશના કુલ જીડીપીમાં સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝનો હિસ્સો 8 ટકા છે એમ જણાવતાં અજય ઠાકુરે વધુમાં ઉમેર્યું કે, 27મી સપ્ટેમ્બર-2011માં સેબીએ બીએસઇમાં એસએમઇ સ્ટોક એક્સચેન્જ માટે એક પ્લેટફોર્મ શરૂ કરવાની પરવાનગી આપી હતી. 17મી એપ્રિલ, 2012ના રોજ બીએસઇમાં એસએમઇ સ્ટોક એકસચેન્જનું ટ્રેડીંગ પ્લેટફોર્મ શરૂ થયું. મુંબઇ સ્ટોક એક્સચેન્જમાં હાલમાં 13 કંપનીઓ લીસ્ટેડ થઇ છે. આવનાર દિવસોમાં જ વધુ 10 કંપનીઓ લીસ્ટેડ થશે. આગામી એક વર્ષમાં 100 કંપનીઓ લીસ્ટ થાય તેવો અમારો પ્રયાસ છે. હાલમાં 13 કંપનીઓમાં બે ગુજરાતની છે.